# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-10-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા 3 મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠક બાદ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે રેલવે કર્મચારીઓને 78 દિવસના બોનસને મંજૂરી આપી છે. તો મંત્રી મંડળે પાંચ વર્ષના સમયગાળા માટે 'રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ' ચાલુ રાખવાની મંજૂરી આપી છે. ઉપરાંત કેન્દ્રીય મંત્રીમંડળે IDBI બેંકના વ્યૂહાત્મક પુનર્ગઠનને મંજૂરી આપી દીધી છે.

---------------------------------------------------------------------------------

## નાયબ મુખ્યમંત્રી – ઔદ્યોગિક લાભાર્થીઓ

રાજ્યના 14 હજાર 852 ઔદ્યોગિક લાભાર્થીઓને એક હજાર 100 કરોડ રૂપિયાથી વધુનું ઇન્સેન્ટિવ એટલે કે પ્રોત્સાહન રકમ ચૂકવવામાં આવી. ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા સિંગલ ક્લિક ચૂકવણી કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગકારોને આ રકમ મોકલવામાં આવી. આ પ્રસંગે શ્રી સંઘવીએ કહ્યું, અન્ય રાજ્યોમાંથી ગુજરાત પરત ફરતા 27 સાહસો સહિત મોટા ઉદ્યોગો તરફથી 346થી વધુ અરજીઓ સાથે સરકાર રાજ્યભરના ઉદ્યોગસાહસિકો, યુવાનો અને મહિલાઓ માટે નવી તકનું સર્જન કરવા પ્રતિબદ્ધ છે.

---------------------------------------------------------------------------------

## ગાંધીનગર ખાતે માનક મહોત્સવનું આયોજન

માનકીકરણની પ્રક્રિયામાં વિશ્વભરમાં માનકોના વિકાસ અને અમલીકરણ સાથે સંકળાયેલા હજારો નિષ્ણાતોના સહિયારા પ્રયાસોને યાદ કરવા અને બિરદાવવા માટે ભારતીય માનક બ્યુરો દ્વારા ગાંધીનગર ખાતે માનક મહોત્સવનું આયોજન કરીને વિશ્વ માનક દિવસ 2026ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી.

સામાન્ય જનતામાં માનકો અંગે જાગૃતિ ફેલાવવામાં યોગદાન આપનાર હિતધારકોને તેમના પ્રયાસો બદલ પુરસ્કૃત કરવામાં આવ્યા. વધુમાં, પોતાના ઉત્પાદન માટે અખિલ ભારતીય સ્તરે પ્રથમ લાઇસન્સ મેળવનારા ઉદ્યોગોના પ્રતિનિધિઓ, માનક ક્લબોના માર્ગદર્શકો તથા ભારતીય માનક બ્યુરોના માનક ક્લબોના ક્વિઝ વિજેતા વિદ્યાર્થીઓનું ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરવામાં આવ્યું.

--------------------------------------------------------------------------------

## ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર

પડોશી દેશમાંથી આવીને સૌરાષ્ટ્ર—કચ્છમાં વસેલા 300થી વધુ શરણાર્થીઓને આજે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર અપાશે. રાજકોટમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાનારા આ સમારોહમાં રાજકોટ જિલ્લાના 259, મોરબી જિલ્લાના 53, સુરેન્દ્રનગર જિલ્લાના એક અને કચ્છ જિલ્લાના છ અરજદારોને નાગરિકતાના પ્રમાણપત્ર અપાશે.

--------------------------------------------------------------------------------

## રાપરની પ્રાથમિક શાળાઓમાં સાંચાલોકોની નિમણૂક

રાપર તાલુકાની શ્રી કુડાજામપર પ્રાથમિક શાળા, શ્રી સાયરાવાડી પ્રાથમિક શાળા, શ્રી ડેડરવાવાડી પ્રાથમિક શાળા, શ્રી ખારીયાવાંઢ પ્રાથમિક શાળા અને શ્રી કમુઆરાવાંઢ પ્રાથમિક શાળાઓમાં પ્રધાનમંત્રી પોષણ યોજના કેન્દ્રો પર વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ શૈક્ષણિક સત્ર માટે ખાલી પડેલ ૦૫ (પાંચ) મધ્યાહ્ન ભોજન કેન્દ્રો માટે સંચાલકોની જગ્યા પર તદ્દન હંગામી ધોરણે નવી નિમણુંક કરવામાં આવશે.

આ માટે નિયત નમુનામાં તા.૨૨/૧૦/૨૦૨૬ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવી છે. વધુ માહિતી માટે મામલતદારની કચેરી રાપરનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## પોસ્ટ વિભાગ કોરા ડાક ચૌપાલ

ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા તેમજ નાગરિક કેન્દ્રિત સેવાઓ સામાન્ય જનતા સુધી પહોંચાડવાના હેતુથી 'ડાક ચૌપાલ માટે મોબાઇલ થિયેટર વાન અભિયાન'નો અમદાવાદની નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત ખાસ ડિઝાઇન કરાયેલી મોબાઇલ થિયેટર વાન સમગ્ર ગુજરાત પરિમંડળ હેઠળ સરહદી કચ્છ જિલ્લા સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં નિર્ધારિત સ્થળોએ પરિભ્રમણ કરશે. ખાસ કરીને કચ્છ જેવા ભૌગોલિક રીતે વિશાળ અને અંતરિયાળ ગ્રામીણ વિસ્તારો ધરાવતા જિલ્લામાં આ વાન ગામે-ગામ ફરીને 'ડાક ચૌપાલ'નું આયોજન કરશે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

વેસ્ટ ઈન્ડીઝ ની ટીમે ચોથી ટી 20 મેચમાં ભારતને 24 રને હરાવતા બન્ને દેશોએ બે-બે મેચ જીતતા શ્રેણી સરભર રહી છે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમ પરની મેચમાં વેસ્ટ ઈન્ડીઝના 3 વિકેટે 247 રનના જવાબમાં ભારતની ટીમ 223 રનમાં આઉટ થઈ ગઈ હતી. સંજુ સેમસને સૌથી વધુ 56 રન કર્યા હતા એ અગાઉ વેસ્ટ ઈન્ડીઝની ટીમે 3 વિકેટના ભોગે 247 રન કર્યા સુકાની શે હોપ 102 અને રદર ફોર્ડ 49 રને અણનમ રહ્યા હતા.

----------------------------------------------------------------------------------------

<u>BSF દ્વારા નગારક કલ્યાણ કાર્યક્રમ</u>

સીમા સુરક્ષા દળ (BSF)ની 90મી બટાલિયન દ્વારા 14 ઑક્ટોબર ના રોજ ધોરડો ગામની સરકારી પ્રાથમિક શાળામાં વર્ષ 2026–27ના નાગરિક કલ્યાણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

----------------------------------------------------------------------------------------